# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**અખબારી યાદી** **તા. ૩૦-૪-૨૦૧૨**

કોંગ્રેસની આગેવાનીવાળી યુપીએ સરકારે ખેડૂતોના હિતમાં સંપૂર્ણ નિકાસ કપાસ માટે ઓજીએલ નીચે કરવાનો આવકારદાયક નિર્ણય કર્યો. કેન્દ્ર સરકારના આ નિર્ણયથી ગુજરાતના અનેક ખેડૂતોને ખૂબ મોટો લાભ મળશે. ગુજરાતની ભાજપની સરકાર ખેડૂતવિરોધી નીતિ ધરાવે છે. ખેડૂતો માટે પોતે કશું જ કરવાનું નહીં અને માત્ર નકારાત્મક નિવેદનો અને કેન્દ્ર સરકારની ટીકા ભાજપ કરે છે. મહારાષ્ટ્રની સરકારે ખેડૂતો માટે ૨,૦૦૦ કરોડ રૂપિયાનું પેકેજ જાહેર કર્યું છે, જ્યારે ગુજરાતની સરકારે ખેડૂતો માટે એક રૂપિયાની પણ સહાય આપી નથી. કેન્દ્ર સરકારે ખેડૂતો માટે ૯૦૦ રૂપિયાના ભાવથી સીસીઆઈ મારફત ખરીદી શરૂ કરાવી ત્યારે ગુજરાતની સરકારે આ ખરીદીમાં પણ રોડા નાંખવાનું અને આડોડાઈ કરવાનું કહ્યું હતું. મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ જેવા રાજ્યોમાં ખેડૂતો પાસેથી રાજ્ય સરકારે ખૂબ જ સારી કિંમતે કપાસની ખરીદી ચાલુ વર્ષે કરી છે, જ્યારે ગુજરાતમાં ભાજપની સરકારે એક કિલો પણ રૂની ખરીદી કરી નથી. ગુજરાતમાં ખેડૂતોને દિવસે પૂરતી વીજળી પણ આપવામાં ગુજરાતની સરકાર નિષ્ફળ રહી છે.

ગુજરાતના ખેડૂતોને કપાસની કિંમત સારી મળે તે માટે કોંગ્રેસનું ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ વડાપ્રધાનશ્રી ડો. મનમોહનસિંહજી, કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી, નાણામંત્રીશ્રી પ્રણવ મુખર્જી તથા વાણિજ્ય મંત્રીશ્રી આનંદ શર્માને શુક્રવાર અને શનિવારના રોજ મળ્યું હતું. આજે કોંગ્રેસની યુપીએ સરકારે ખેડૂતોના હિતમાં સંપૂર્ણ નિકાસની છૂટ આપી છે, તેનાથી ખેડૂતોને ખૂબ સારો ફાયદો મળશે. ભૂતકાળમાં એનડીએની સરકાર કેન્દ્રમાં હતી ત્યારે પણ ખેડૂતોની ચિંતા કરવામાં આવી ન હતી. વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને ખેડૂતોના માટે નિવેદનીયા મુખ્યમંત્રી બનવાને બદલે નક્કર કામ કરવા માટે અનુરોધ કર્યો છે.

---

પ્રતિ,

તંત્રીશ્રી,

ઉપરોક્ત પ્રેસનોટ આપના અખબારમાં પ્રદર્શિત કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહજી ગોહિલે વિનંતી કરી છે.

**(જે. જે. રસાણીયા)**
અંગત મદદનીશ